

# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત
# ગ્રામસેવા કેન્દ્ર ભલાડા . તા. માતર જી.ખેડા.

**ઓગષ્ટ – ૨૦૨૦** | **પ્રવૃતિ અહેવાલ** | **અંક :૧૩**

## ગ્રામસેવા કેન્દ્રની પ્રવૃતિઓ:

૧. શતાબ્દી વર્ષ નિમિતે ખેડૂતોને કીટ વિતરણ
૨. ઘર શાળા
૩. ૧૫મી ઑગષ્ટ
૪. શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે વૃક્ષારોપણ
૫. શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે રેડ ક્રોસ રક્ત સેવા .
૬. ગણેશ ઉત્સવ ની ઉજવણી નિમિતે ઓનલાઈન સ્પર્ધા
૭. શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે ફરતુ પશુદવાખાનુ
૮. વેસ્ટમાથી બેસ્ટ
૯. શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અંતર્ગત તાલીમ
૧૦. નેટ હાઉસની મુલાકાત.
૧૧. જીવામૃત પ્રોજેક્ટ સર્વે .


ઈમેલ આઈડી:
gvpbhalada@gmail.com

બ્લોગ આઈડી:
http://schoolbhalada9.blogspot.com

ફેસબુક આઈડી:
**Gramseva Kendra Bhalada**

યુટુબ આઈડી :
School nivashi bhalada9

ટેલિગ્રામ આઈડી :
**Nivashi bhalada 9**


## કોરોના પોઝીટીવ આવનાર દર્દી નો ઘરે કવોરન્ટાઈન ચાર્ટ

| ક્રમ | સમય | માત્રા | વિગત |
|---|---|---|---|
| 1 | 06:00 (સવારે) | -- | શુભ પ્રભાત |
| 2 | 06:30 TO 7:00 (સવારે) | ૩૦ મીનીટ | યોગા-કસરત |
| 3 | 07:00 (સવારે) | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ લીંબુ પાણી |
| 4 | 07:30 TO 08:00 (સવારે) | વીટામીન સી | સવારનો નાસ્તો |
| 5 | 08:30 (સવારે) | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ હળદળ વાળુ દુધ |
| 6 | 09:00 (સવારે) | ૫ થી ૧૦ મીનીટ | નાસ |
| 7 | 09:30 (સવારે) | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ પાણીમા બનેલ કાવો |
| 8 | 11:00 (સવારે) | ૫૦ મીલી | ગરમ ચા |
| 9 | 12:00 (બપોરે) | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ લીંબુ પાણી |
| 10 | 01:00 TO 02:00 (બપોરે) | વીટામીન સી - બી | બપોરનું ભોજન |
| 11 | 03:00 (બપોરે) | ૫ થી ૧૦ મીનીટ | નાસ |
| 12 | 04:00 TO 05:00 (બપોરે) | ૧ કલાક | આરામ |
| 13 | 05:30 (સાંજે) | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ પાણીમા બનેલ કાવો |
| 14 | 06:00 TO 07:00 (સાંજે) | ૧ કલાક | યોગા અને કસરત |
| 15 | 07:00 (સાંજે) | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ લીંબુ પાણી |
| 16 | 07:30 TO 08:30 (રાત્રે) | વીટામીન સી - ઈ | રાત્રીનું ભોજન |
| 17 | 09:00 (રાત્રે) | ૫ થી ૧૦ મીનીટ | નાસ |
| 18 | 09:30 (રાત્રે) | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ પાણીમા બનેલ કાવો |
| 19 | સુતા પહેલા | ૫૦ થી ૧૦૦ મીલી | ગરમ હળદળ વાળું દુધ |

**મેહુલભાઈ.એસ.પટેલ.**

### ❖ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે ખેડૂતોને કીટ વિતરણ : (૮-૦૮-૨૦ )



ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે આત્મા પ્રોજેકટ અંતર્ગત જેમાં ૮ ×૨ કિલો કુલ દિવેલા જેમાં કંપોસ્ટ ખાતર ૮૦ ×૫૦ કુલ ૪૦૦૦ કિલો , જિંક ૮×૫ = ૪૦ કિલો , સલ્ફેટ ૧૬ કિલો , જૈવિક દવા ૮×૧ લિટર કુલ ૮ દિવેલાની કિટનું ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું .

### ❖ ઘર શાળા : (૧૦-૦૮-૨૦)



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી શાળા ના વિદ્યાર્થીઓ કોરોના મહામારીને કારણે ઘરે ભણી ને " ઘરે શિખીએ" દ્વારા મહિનાની લેસન અને પાઠ પ્રવૃતિઓ વોટ્સઅપ ગ્રુપ માં મોકલતા થયા .

### ❖ ૧૫મી ઓગષ્ટ : (૧૫-૦૮-૨૦૨૦ )



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા ૭૪ માં સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી શ્રી જતીનભાઈ પટેલ, પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, યુપીએલ સારસ સંરક્ષણ યોજના ખેડા જિલ્લાના હસ્તે કરવામાં આવ્યું .

❖ **શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે વૃક્ષારોપણ : (૧૭-૦૮-૨૦)**



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડામાં શતાબ્દી વર્ષની ઉજવણી નિમિતે યુ.પી.એલ. સારસ સંરક્ષણ ના સહયોગથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું .

❖ **શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે રેડ ક્રોસ રક્ત સેવા .(૧૮-૦૮-૨૦)**



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડામાં શતાબ્દી વર્ષની ઉજવણી નિમિતે રેડ ક્રોસ સોસાયટી અને ગામના યુવાનો ના સહયોગથી આકસ્મિક રક્ત સહાય સેવા ની શરૂઆત કરવામાં આવી .

❖ **ગણેશ ઉત્સવ ની ઉજવણી નિમિતે ઓનલાઈન સ્પર્ધા : (૧૯-૮-૨૦ થી ૨૧-૮-૨૦)**



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડા " ગણેશ મહોત્સવ " નિમિતે ઇકોફ્રેન્ડલી ગણેશ મૂર્તિ બનાવવાની ઓનલાઈન સ્પર્ધા ધોરણ:- ૩ થી ૮ ની યોજવામાં આવી . ઇકોફ્રેન્ડલી ગણેશ બનાવી તેઓના ફોટાના આધારે પ્રમાણપત્ર આપવામાં આવ્યા .

### ❖ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે ફરતુ પશુદવાખાનાની શરૂઆત : (૨૧-૦૮-૨૦)




ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા તથા દુધ ઉત્પાદક મંડળી ભલાડા ના સંયુક્ત ઉપક્રમે શ્રી ચંદ્રકાંતભાઈ સી.સોલંકી સેક્રેટરી ની ઉપસ્થીતી માં ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે પશુપાલન વિભાગના સહયોગથી (હેલ્પ લાઇન નંબર ૧૯૬૨) ભલાડા ગામમાં દશગામ દીઠ ફરતુ પશુદવાખાનુ ની શરૂઆત કરવામાં આવી.

### ❖ વેસ્ટમાથી બેસ્ટ ( ૨૧-૦૮-૨૦)



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડામાં કેરોસીનના ખાલી ડબ્બામાથી ગણેશ અને દીવાસળીના સળીમાથી કૃષ્ણ બનાવ્યા .

### ❖ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અંતર્ગત તાલીમ : (૨૭-૦૮-૨૦) થી (૨૯-૦૮-૨૦)



ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અંતર્ગત ગ્રામ પંચાયત વિકાસ યોજના ખેડા જિલ્લા ની ગ્રામ્ય કક્ષાના પદાઅધિકારીશ્રી, જી.પી.ડી.પી. સમિતિનાના સભ્યશ્રી તથા તલાટીકમ મંત્રીઓની ત્રણ દિવસીય તાલીમ નું આયોજન થયું. જેમાં ભલાડા તથા આજુબાજુના ૨૧ ગામના સરપંચ , તલાટી , આંગણવાડી કાર્યકરો તાલીમાર્થીઓ એ ત્રણ દિવસની તાલીમ માં સહભાગી થયા .

## ❖ નેટ હાઉસની મુલાકાત : (૩૧-૦૮-૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડામાં શતાબ્દી વર્ષની ઉજવણી નિમિતે ખેડા જીલ્લા ખેતી મદદનીસ ખેતી અધિકારી ખેડા જિલ્લો દ્વારા આત્મા પ્રોજેકટ અંતર્ગત નેટ હાઉસની મુલાકાત લેવામાં આવી .

દેશી ગાય આધારિત ખેતી પદ્ધતિમાં જીવામૃત બનાવવાની શરૂઆત કરવામાં આવી .



## ❖ જીવામૃત પ્રોજેકટ અંતર્ગત સર્વે : (૩૧-૦૮-૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડામાં શતાબ્દી વર્ષની ઉજવણી નિમિતે આત્મા પ્રોજેકટ અંતર્ગત " જીવામૃત " ગીર ગાયોના સર્વે માટે ખેડા જીલ્લા ખેતી મદદનીસ ખેતી અધિકારી ખેડા જિલ્લો દ્વારા પશુપાલકો અને ખેડૂતોની મુલાકાત લીધી .







